# મોદીની કેદારનાથની ગુફામાં ધ્યાન સાધના


**૧૨,૨૫૦ ફૂટની ઉંચાઈએ ખાસ ગુફામાં ધ્યાન સાધનામાં મગ્ન : વિકાસ કાર્યની સમીક્ષા કરી : પીએમએ કેદારનાથ મંદિરમાં એક પિત્તળનો ઘંટ પણ અર્પણ કર્યો, જેનુ વજન લગભગ એક ક્વિન્ટલ છે : મોદી પારમ્પિરિક પહાડી વેશભૂષામાં કેદારનાથ ધામ પહોંચ્યા : વિશેષ પૂજા અર્ચના કરાઈ : રુદ્રાભિષેક કરીને પરિક્રમા : રાત્રિ ગાળા વેળા ધ્યાન કર્યા બાદ આજે બદ્રીનાથમાં દર્શન કરશે**


દેહરાદૂન, તા. ૧૮

આશરે દોઢ મહિના સુધી જોરદાર ચૂંટણી ભાગદોડ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેદારનાથ ધામ પહોંચ્યા હતા. કેદારનાથ ધામમાં પૂજા અર્ચના કર્યા બાદ મોદી આશરે બે કિલોમીટર સુધી ચાલતા જઈને એક ગુફા સુધી પહોંચ્યા હતા. સુત્રોએ કહ્યું છે કે, મોદી ત્યારબાદ આજ ગુફામાં ધ્યાન સાધનામાં લાગી ગયા હતા. મોદીની ધ્યાન સાધનાની પ્રક્રિયા આવતીકાલે રવિવારે સવાર સુધી ચાલું રહેશે. ત્યારબાદ બદ્રીનાથના દર્શન માટે જશે. સુત્રોએ કહ્યું છે કે, ગુફા નજીક ઉપસ્થિત કેટલાક પત્રકારોની રજૂઆત બાદ ત્યાં કેટલાક ફોટાઓ પાડવાની મંજુરી આપવામાં આવી હતી પરંતુ ત્યારબાદ મોદીના ધ્યાન સમય સુધી હવે કોઈપણ પત્રકારોને ગુફા સુધી જવાની મંજુરી મળશે નહીં. રવિવાર સવાર સુધી મોદીની ધ્યાન પ્રક્રિયા ચાલનાર છે. અગાઉ આજે સવારે મોદી પારંપરિક પહાડી વેશભૂષામાં વિશ્વ પ્રસિદ્ધ કેદારનાથ ધામ પહોંચ્યા હતા. તેમના વસ્ત્રો પણ લોકોની વચ્ચે આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. ઉચ્ચ ગઢવાલ હિમાલય ક્ષેત્ર ૧૧૭૫૫ ફૂટની ઉંચાઈ ઉપર સ્થિત કેદારનાથમાં મોદી કેસરિયા વસ્ત્રમાં નજરે પડ્યા હતા. હેલિપેડથી કેદારનાથ મંદિર સુધીનો રસ્તો મોદીએ પહાડી અંદાજમાં છડી સાથે લઈને પાર કર્યો હતો. પ્રથમ વખત આ પ્રકારના વસ્ત્રોમાં મોદી આધ્યાત્મિક રંગમાં રંગાયેલા નજરે પડ્યા હતા. છેલ્લા બે વર્ષમાં ચોથી વખત ભોલેનાથ ધામ મોદી પહોંચ્યા હતા અને ભગવાન શિવની પૂજા અર્ચના કરી હતી. રુદ્રાભિષેક કરીને મંદિરની પરિક્રમા પણ કરી હતી. બરફ સાથે ઢંકાયેલી પહાડી ચોટીઓને પણ નિહાળી હતી.

મોદીએ કેદારનાથના દર્શન બાદ એક ખાસ વાહનનો ઉપયોગ કર્યો હતો અને કેદારનાથમાં પુનઃ નિર્માણની કામગીરીની સમીક્ષા કરી હતી. વર્ષ ૨૦૧૩માં આવેલા ભીષણ પુરમાં કેદારનાથમાં અભૂતપૂર્વ નુકસાન થયું હતું. ઉત્તરાખંડના મુખ્ય સચિવ ઉત્પલ કુમારે પણ મોદીને પુનઃ નિર્માણની કામગીરી અંગે પુરતી માહિતી પુરી પાડી હતી. પ્રદેશના પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) અશોક કુમારે વિગત આપતા કહ્યું હતું કે, મોદીની યાત્રાને ધ્યાનમાં લઈને પહેલાથી જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ અજય ભટ્ટે કહ્યું હતું કે, આ પહેલા મોદી પોતાના બે દિવસના ઉત્તરાખંડ પ્રવાસ ઉપર અહીંના જુલીગ્રાન્ડ એરપોર્ટ પર પહોંચ્યા હતા. ઉત્તરાખંડના રાજ્યપાલ બેબીરાની મોર્ય અને મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે તેમનું સ્વાગત કર્યું હતું. મોદી છેલ્લા બે વર્ષમાં કેદારનાથમાં ચાર વખત પહોંચી ચુક્યા છે. કેદારનાથ નજીક ગુફામાં રાત્રિ ગાળા દરમિયાન ધ્યાન સાધના કર્યા બાદ આવતીકાલે સવારે બદ્રીનાથ ધામ જશે જ્યાંથી દર્શન કર્યા બાદ રવિવારના દિવસે જ નવી દિલ્હી માટે રવાના થશે. આવું પ્રથમ વખત બન્યું છે જ્યારે મોદી કેદારનાથ અને બદ્રીનાથના દર્શન એક જ પ્રવાસમાં કરી શક્યા છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષનું કહેવું છે કે, વડાપ્રધાનના પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય સંપૂર્ણપણે આધ્યાત્મિક છે. લોકસભાની ચૂંટણી માટે જોરદાર પ્રચારની પ્રક્રિયા છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહી હતી. ૧૦મી માર્ચના દિવસે લોકસભા ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ મોદી જુદા જુદા રાજ્યમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા. દરરોજ સરેરાશ ચારથી વધુ સભાઓ કરી રહ્યા હતા. છેલ્લા તબક્કા વેળા પાંચ સુધીની સભાઓ પણ યોજી હતી. દેશના જુદા જુદા રાજ્યોમાં પ્રચારાર્થે પહોંચ્યા હતા. શુક્રવારના દિવસે સાતમાં અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો અંત આવ્યા બાદ રાજકીય પક્ષોના નેતાઓને રાહત થઈ હતી. હવે રાજકીય પક્ષોના નેતાઓ વાતચીતમાં અને ભાવિ રણનીતિમાં લાગેલા છે ત્યારે વડાપ્રધાન મોદી આજે સવારે કેદારનાથ ધામ પહોંચ્યા હતા જ્યાં શ્રદ્ધાળુઓની વચ્ચે રહ્યા હતા. ત્યારબાદ કેદારનાથ ધામમાં ખાસ વસ્ત્રોમાં પહોંચીને વિશેષ પુજા કરી હતી. પરિક્રમા પણ મંદિરની કરી હતી. આવતીકાલે બદ્રીનાથમાં પણ તેમનો આવો જ કાર્યક્રમ રહેલો છે.











# ચંદ્રાબાબુ નાયડુની રાહુલ, પવાર, અખિલેશ સહિત નેતાઓ સાથે ચર્ચાઓ

**ભાજપને સત્તાપરથી કોઇપણ કિંમતે દૂર રાખવાની તૈયારી : સંભવિત સમીકરણોને લઇને સાતમાં તબક્કામાં મતદાન પહેલા જ વાતચીતનો સિલસિલો જારી : ત્રીજા મોરચાની સંભાવના ફરી એકવખત સજીવન કરાઈ**

નવીદિલ્હી, તા. ૧૮

લોકસભાની ચૂંટણી માટે અંતિમ તબક્કાના મતદાન પહેલા જ જુદા જુદા રાજકીય પક્ષો મિટિંગોમાં વ્યસ્ત થઈ ગયા છે. આજે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ એક પછી એક બેઠકો યોજી હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને એનસીપી વડા શરદ પવારને મળ્યા હતા. ત્યારબાદ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીને પણ મળ્યા હતા. નાયડુની આસક્રિયતા ત્રીજા મોરચાની શક્યતાને લઈને દર્શાવવામાં આવી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, રિઝલ્ટ ડે પહેલા આ વાતચીતનો સિલસિલો શરૂ થઈ ગયો છે. નાયડુએ નવી દિલ્હી પહોંચ્યા બાદ બેઠકોનો સિલસિલો શરૂ કર્યો હતો. રાહુલ ગાંધી ઉપરાંત સીપીઆઈના નેતાઓ સુધારક રેડ્ડી, ડી રાજા, એનસીપીના વડા શરદ પવાર, એલજેડીના નેતા શરદ યાદવને મળ્યા હતા. ત્યારબાદ ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌ પહોંચ્યા બાદ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીને મળ્યા હતા. એનસીપીના નેતા અજીત પવારે કહ્યું હતું કે, ઈવીએમની કામગીરીને લઈને તેમને કોઈ પણ પ્રકારની શંકા નથી. સૌથી પહેલા શરદ પવાર સાથે તેમની બેઠક યોજાઈ હતી.



## પીએમ પદના ઉમેદવાર તરીકે રાહુલને જેડીએસે ટેકો આપ્યો

**દેવગૌડાના નિવેદન બાદ ચર્ચાઓનો દોર : કોંગ્રેસ-જેડીએસ કર્ણાટકમાં ૧૮થી વધુ સીટો જીતી જશે**

પૂર્વ વડાપ્રધાન અને જેડીએસ પ્રમુખ એચડી દેવગૌડાએ ફરી એકવાર કહ્યું છે કે, વર્તમાન સામાન્ય ચૂંટણીમાં પાર્ટી કોંગ્રેસનું સમર્થન કરશે. દેવગૌડાનું કહેવું છે કે, ચૂંટણી પરિણામ આવ્યા બાદ દેશમાં રાષ્ટ્રીય ચિત્ર સ્પષ્ટ થઈ જશે. કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસની સરકાર રહેલી છે. ગૌડાનું આ નિવેદન તેમના પુત્ર અને કર્ણાટકના મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીના એવા નિવેદન બાદ આવ્યું છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે, તેમની પાર્ટી વડાપ્રધાન પદ માટે રાહુલ ગાંધીનું સમર્થન કરવા માટે તૈયાર છે. દેવગૌડાએ કહ્યું હતું કે, અમે કોંગ્રેસની સાથે છીએ. આ મુદ્દા ઉપર કોઈ અન્ય વાત કરવાની તૈયારીમાં ગૌડા દેખાયા ન હતા. ૨૩મી મેના દિવસે પરિણામ આવશે ત્યારબાદ દેશની સામે ચિત્ર સ્પષ્ટ થશે.

## આજે એક્ઝિટ પોલને પગલે રાજકીય પક્ષોમાં ભારે ઉત્સુકતા

**મતદાનની પ્રક્રિયા બાદ એક્ઝિટ પોલ જારી કરાશે : એક્ઝિટ પોલના તારણ સાથે કોને કેટલી સીટ મળી શકે તેને લઇને સંકેત મળશે**

નવી દિલ્હી, તા. ૧૮

સાતમાં અને અંતિમ તબક્કાની ચૂંટણી બાદ આવતીકાલે એક્ઝિટ પોલના તારણ પણ જારી કરવામાં આવનાર છે. ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી હતી જેથી ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલના તારણ ઉપર હાલમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. મતદાનની પ્રક્રિયા સાત તબક્કામાં પરિપૂર્ણ થઈ ગયા બાદ જુદા જુદા ચેનલો દ્વારા એક્ઝિટ પોલના તારણો પણ રજૂ કરવામાં આવશે જેમાં ચૂંટણી પરિણામ આવે તે પહેલા કઈ પાર્ટીની સ્થિતિ મજબૂત રહેશે તે સંદર્ભમાં સંકેત મળી શકશે. ચૂંટણી પરિણામ સત્તાવારરીતે ૨૩મીના દિવસે જાહેર કરવામાં આવશે. એ વખતે મતગણતરી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે રાજકીય પક્ષો પોતપોતાના તરફથી જીતના દાવા કરી રહ્યા છે. આવતીકાલે સાતમાં તબક્કા માટે પણ મતદાન પૂર્ણ થશે. આની સાથે જ લોકસભાની તમામ સીટો ઉપર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ચૂંટણી પ્રચાર સાતમાં તબક્કા માટે શુક્રવારના દિવસે પૂર્ણ થયા બાદ અંતિમ તબક્કાના મતદાન પહેલા કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી અને ભાજપ તરફથી પાર્ટી પ્રમુખ અમિત શાહ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. ભાજપે હેડક્વાર્ટર ખાતે રાત્રે બેઠક યોજી હતી જ્યારે રાહુલ ગાંધીએ પણ પત્રકાર પરિષદ યોજીને પોતાની પાર્ટીની વ્યૂહરચના અંગે માહિતી આપી હતી.

લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા ૧૦મી માર્ચના દિવસે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદથી ચાલી રહી હતી. પ્રથમ તબક્કામાં મતદાન યોજાયા પછી છેલ્લા તબક્કામાં એટલે કે છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થયા બાદ હવે આવતીકાલે અંતિમ તબક્કામાં મતદાન થશે.

## સની દેઓલને આચારસંહિતા ભંગ બદલ નોટિસ

ચંદીગઢ, તા. ૧૮

ફિલ્મ અભિનેતામાંથી રાજનેતા બનેલા સની દેઓલને આચારસંહિતા ભંગના મામલામાં ચૂંટણી પંચે નોટિસ ફટકારી છે. તેમના ઉપર ચૂંટણી પ્રચારની અવધિ પૂર્ણ થયા બાદ પણ પ્રચાર કરવાનો આક્ષેપ કર્યો છે. અત્રે નોંધનીય છે કે, સની દેઓલે લોકસભાની ચૂંટણીથી પહેલા ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈને ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. તેઓ પંજાબની ગુરદાસપુર સીટ પરથી કોંગ્રેસના ઉમેદવાર સુનિલ જાખડની સામે ચૂંટણી લડી રહ્યા છે. શનિવારના દિવસે ચૂંટણી પંચે કથિતરીતે આચારસંહિતાના ભંગ કરવાના આક્ષેપમાં સની દેઓલને નોટિસ ફટકારી હતી.

પંચના એક અધિકારીએ મિડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, એક જનસભાને સની દેઓલે સંબોધન કર્યું હતું જેના પરિણામ સ્વરુપે સની દેઓલને નોટિસ ફટકારવામાં આવી છે.

## મિશન મંગળ બાદ શુક્ર ગ્રહ સુધી પહોંચવા માટે ઈસરોની તૈયારી

**મિશન ચંદ્રયાન-૨ માટે અંતિમ તૈયારી જારી : ચંદ્રયાન-૨ને જુલાઈ માસમાં લોંચ કરવાની યોજના તૈયાર**

શ્રીહરિકોટા, તા. ૧૮

મંગળ ગ્રહ ઉપર સફળતાપૂર્વક આગળ વધ્યા બાદ ઈસરોની યોજના શુક્રગ્રહ અથવા તો વિનસ સુધી પહોંચવાની રહેલી છે. આના માટે ઈસરો દ્વારા પોતાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. મંગળ ગ્રહ ઉપર સફળતાપૂર્વક પોતાના અંતરિક્ષ યાનને છોડવામાં આવ્યા બાદ ઈસરોની નજર હવે અન્ય સિદ્ધિઓ હાંસલ કરવાની રહેલી છે. આમાથી એક લક્ષ્ય શુક્ર ગ્રહ સુધી પહોંચવા માટેની પણ રહેલી છે. આના માટે ૨૦૨૩ની તારીખ નક્કી કરવામાં આવી છે. શુક્ર ગ્રહ માટે જતા સ્પેશ ક્રાફ્ટમાં ૨૦થી વધુ અંતરિક્ષ ઉપકરણ જોડવામાં આવશે. ઈસરો દ્વારા આગામી ૧૦ વર્ષમાં અંતરિક્ષ માટે કેટલાક અન્ય મિશન નિર્ધારિત કરી દેવામાં આવ્યા છે. આગામી દશક અંતરિક્ષમાં ભારતની ઉપલબ્ધીઓની દ્રષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ છે. ૨૦૨૦માં મિશન એક્સ્પોસેટ કોસ્મિક રેડિએશનના અભ્યાસ માટે મોકલવામાં આવશે. ૨૦૨૧માં સૂર્ય સુધી પહોંચવા માટે આદિત્ય એલ-૧, માર્સ ઓર્બિટર મિશન-૨ ૨૦૨૨માં, ૨૦૨૪માં ચંદ્રયાન-૩, ૨૦૨૮માં સોલાર સિસ્ટમના અભ્યાસ માટે ઈસરોના મિશન મોકલવામાં આવશે. શુક્ર ગ્રહને ધરતીના ટ્વિન સિસ્ટમ તરીકે પણ ગણવામાં આવે છે. બંને ગ્રહમાં કદ, બનાવટ, ગુરુત્વાકર્ષણમાં ખુબબ સમાનતા રહેલી છે.

## અવંતીપોરામાં ૩ આતંકી ઠાર : એક જવાન શહીદ

**સેના અને આતંકવાદી વચ્ચે અથડામણમાં ઠાર મરાયેલા આતંકવાદીનું નામ શૌકદ અહેમદ જણાવવામાં આવી રહ્યું છે**

શ્રીનગર,તા.૧૮

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લાના અવંતીપોરામા સેના અને આતંકવાદી વચ્ચે અથડામણ થઈ. સેનાએ ૩ આતંકવાદીને ઠાર માર્યા. ૧ જવાન શહીદ થયો છે.

અવંતીપુરાના પંજગામમા શનિવારે સવારે આતંકવાદીઓ ૧૩૦ બટાલિયન સીઆરપીએફ, ૫૫ આરઆર અને એસઓજી વચ્ચે અથડામણ થઈ. ઠાર મરાયેલા આતંકવાદીનું નામ શૌકદ અહેમદ જણાવવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના અમુક વિસ્તારમાં ફરી પાછુ આતંકી હુમલાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આતંકવાદીઓ વારંવાર ઘાટીમાં જોખમ ફેલાવવાના પોતાના ઈરાદા સફળ કરવામા લાગ્યું છે. તે જોખમને ધ્યાનમાં રાખીને ઘાટીની તમામ સુરક્ષા એજન્સીને હાઈ એલર્ટ કરવામા આવી છે. જોખમ માત્ર સરહદ પારના આતંકીઓથી નથી. ઘાટીની અંદર રહેલા આતંકીઓથી પણ છે. ના આતંકીઓથી નથી ઘાટીની અંદર રહેલા આતંકીઓથી પણ છે. ગુરૂવારના રોજ પુલવામામાં એક ભીષણ આમનો-સામનો થયો હતો જેમા ત્રણ આતંકીને મારી નાખવામાં આવ્યા હતા.

### વેરાની વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્ડેક્ષ સહીતના પુરાવા રજુ કરવાથી તાત્કાલિક ૫ ટકાનુ વળતર ચુકવવામાં આવે છે. જયારે મહીલાઓને ચુકવાતા આ વિશેષ વળતરનો પણ અત્યાર સુધી મહત્તમ લાભ લેવા પ્રયાસ કરાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં અત્યાર સુધી ૩૫૦ મહીલા મિલ્કત ધારકોએ લાભ લીધો છે. જયારે તા ૧૯ મેં ના રવિવારના રોજ પણ મિલ્કત વેરો વસુલવામાં આવશે. મિલકત વેરો ભરવા માટે બહુમાળી ભવનના સેન્ટર ખાતે સવારે ૧૦ થી સાંજે ૪ કલાક દરમિયાન કામગીરી ચાલુ રહેશે. રજાના દિવસે પણ નાગરિકો વેરો ચુકવી શકે તે માટે આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

૯૧૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવામાં આવનાર છે. ૯૬ મહિલા ઉમેદવારો પણ ભાગ્ય અજમાવી રહી છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. અંતિમ તબક્કામાં મતદાન દરમિયાન અગાઉના તબક્કાની જેમ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે પંચે તમામ તૈયારી કરી લીધી છે. જુદા જુદા પક્ષોની વાત કરવામાં આવે તો સાતમા તબક્કાની ચૂંટણીમાં ૧૬૩ ઉમેદવાર રાષ્ટ્રીય રાજકીય પક્ષોના રહેલા છે. જ્યારે ૬૯ ઉમેદવારો રાજ્ય સ્તરના પક્ષોના છે. આવી જ રીતે આ તબક્કામાં ૩૭૨ ઉમેદવારો નોંધાયેલા બિન માન્યતાપ્રાપ્ત પક્ષોના પણ છે. જ્યારે અપક્ષ તરીકે ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોની સંખ્યા ૩૧૫ નોંધાઈ છે. છેલ્લા તબક્કાની ચૂંટણીમાં શિરોમણી અકાળી દળના સુખબીર સિંહ બાદલની સંપત્તિ ૨૧૭ કરોડની નોંધાઈ છે. આવી જ રીતે પંજાબના ભટિન્ડા બેઠક પરથી ઉમેદવાર હરસિમરતકૌરની સંપત્તિ પણ ૨૧૭ કરોડની નોંધાઈ છે. આ તબક્કાની ચૂંટણીની વાત કરવામાં આવે તો જે અપક્ષ ઉમેદવારો આ વખતે ચૂંટણી મેદાનમાં છે તેમની સંપત્તિ પૈકી વધારે સંપત્તિ નોંધાઈ છે. ૩૧૩ અપક્ષ ઉમેદવારો પૈકી ૫૯ અપક્ષ ઉમેદવારો કરોડપતિ નોંધાયા છે. આ તબક્કામાં સૌથી અમીર ઉમેદવારોની વાત કરવામાં આવે તો અપક્ષ ઉમેદવાર બિહારના પાટલીપુત્રના રમેશ કુમાર શર્માની સંપત્તિ ૧૧૦૭ કરોડ નોંધાઈ છે. બિહારના પાટલીપુત્ર બેઠક પરથી રમેંશ કુમાર શર્માની સંપત્તિ સૌથી વધારે છે.